| | | |
|---|---|---|
| GJAM020000582026 | सत्य मेव जयते | પ્રાપ્તિ તારીખ : ૦૩/૦૧/૨૦૨૬<br>નોંધ્યા તારીખ : ૦૩/૦૧/૨૦૨૬<br>ફેંસલ તારીખ : ૩૦/૦૬/૨૦૨૬<br>સમયગાળો : વર્ષ માસ દિવસ<br>૦૦ ૦૫ ૨૭ |

**ફોર્મ – 'એ'**

**અમરેલીના મહે. એડિશનલ જયુડી. મેજી. ફ.ક.**
**(શ્રી કે.એસ. રાણા) સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ – અમરેલી.**

**ફોજદારી કેસ નં. પર/૨૦૨૬**
**આંક :–**

(ચુકાદા તારીખ :૩૦/૦૬/૨૦૨૬)
(અમરેલી સીટી પોલીસ સ્ટેશન સી.પાર્ટ.ગુ.ર.નં. ૧૧૧૯૩૦૦૩૨૫૧૦૫૬/૨૦૨૫)

| | | |
|---|---|---|
| **ફરિયાદી** | : | **શ્રી સરકાર** |
| **ફરિયાદપક્ષ તરફે** | : | **વિ.એ.પી.પી.શ્રી જી.આર. ભાટકીયા** |
| | | **વિરૂધ્ધ** |
| **આરોપી** | : | **જીલુબેન વા/ઓ રાજુભાઈ સાદુળભાઈ પરમાર**<br>ઉ.વ. ૩૫, ધંધો –મજુરી<br>રહે. અમરેલી સાવરકુંડલા રોડ, ફાટક પાસે, તા.જી. અમરેલી. |
| **આરોપી તરફે** | : | **વિ.વ.શ્રી એચ.સી. કાલાવડીયા** |

## **ફોર્મ – 'બી'**

| | |
|---|---|
| **ગુનાની તારીખ** | ૧૨/૧૧/૨૦૨૫ |
| **એફ.આઈ.આર. ની તારીખ** | ૧૨/૧૧/૨૦૨૫ |
| **ચાર્જશીટ રજુ તારીખ** | ૦૩/૦૧/૨૦૨૬ |
| **તહોમતનામું ઘડયા તારીખ** | ૨૫/૦૨/૨૦૨૬ |
| **પુરાવો શરૂ કર્યા તારીખ** | ૧૦/૦૬/૨૦૨૫ |
| **ચુકાદા પર રાખ્યા તારીખ** | ૩૦/૦૬/૨૦૨૬ |
| **ચુકાદા તારીખ** | ૩૦/૦૬/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ, જો હોય તો** | – |
| | |

## **આરોપીની વિગતો**

| **નં.** | **આરોપીનું નામ** | **અટક કર્યા તારીખ** | **જામીન પર મુકત કર્યા તારીખ** | **આક્ષેપિત ગુના** | **નિર્દોષ /દોષિત** | **કરવામાં આવેલ સજા** | **ફો.કા.સં.ની કલમ–૪૨૮ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમય ગાળો** |
|---|---|---|---|---|---|---|---|
| **૧.** | જીલુબેન વા/ઓ રાજુભાઈ સાર્દુળ ભાઈ | ૨૮–૧૧ – ૨૫ | ૨૮–૧૧ – ૨૫ | ધી ગુજરાત પ્રોહી. એકટ કલમ–૬૫(એ)(એ) મુજબ. | નિર્દોષ | **–** | **–** |

## <u>ફોર્મ–'સી'</u>

### એ. <u>ફરીયાદપક્ષ તરફેના મૌખીક પુરાવાઓનું લીસ્ટ :–</u>

| સાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ૧૦ | દિપકભાઈ કનુભાઈ સોલંકી | પંચ સાહેદ |
| ૨. | ૧૨ | હારૂનભાઈ હબીબભાઈ બીલખીયા | પંચ સાહેદ |
| ૩. | ૧૩ | અતુલભાઈ કાળુભાઈ માટીયા | ફરીયાદી |
| ૪. | ૧૫ | સિંકદરભાઈ બાબુભાઈ સૈયદ | ત.ક.અ. |

### બી. <u>ફરીયાદપક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ</u> :–

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૧ | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ |
| ૨. | ૧૪ | ફરીયાદ |
| ૩. | ૧૬ | ડેપ્યુટ હુકમ |
| ૪. | ૧૭ | એફ.એસ.એલ. રીપોર્ટ |

## –:: <u>ચુ કા દો</u> ::–

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૨/૧૧/૨૦૨૫ ના ક.૧૮/૪૫ વાગ્યે અમરેલી સાવરકુંડલા રોડ, ફાટક પાસે આરોપીએ પોતાના રહેણાંક મકાને ગેરકાયદેસર વગર પાસ પરમીટે દેશી પીવાનો દારુ લીટર ચૌદ (૧૪) કેન સહીત કિમંત રૂા.૨,૮૨૦/– નો રાખી રેઈડ દરમ્યાન ઘરે હાજર મળી આવી આરોપીએ પ્રોહી. એકટ–૬૫(એ)(એ) મુજબનો ગુન્હો કરેલ હોય આરોપી વિરૂઘ્ધ ફરીયાદીએ ફરીયાદ આપેલી. સદર ફરીયાદ આધારે અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં આરોપી વિરૂઘ્ધ

ગુન્હો નોંધી ગુન્હાના તપાસ કરનાર અધિકારીએ લાગતા વળગતા સંબધીત સાહેદોના  નિવેદનો નોંધી તપાસનાં અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા તા.૦૩/૦૧/૨૦૨૬ નાં રોજ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી થવા સારૂ ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) ચાર્જશીટ રજુ થતા આ કામના આરોપીને સમન્સ/પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવતા, આરોપી તેમના વકીલશ્રી મારફતે હાજર થતા તેમને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ–૨૩૦ મુજબ તમામ પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે પુરી પાડયાની ખાતરી કર્યા બાદ આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી, આરોપીની પ્લી નોંધવામાં આવતા આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવા માટે રાખવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફથી તેમના કેસનાં સમર્થનમાં ઉપરોકત ફોર્મ : સી માં ફરીયાદપક્ષ ના સાક્ષીઓની યાદી માં જણાવ્યા મુજબના સાહેદોનો મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ છે તેમજ ફરીયાદપક્ષના આંકે પડેલ દસ્તાવેજોની યાદી માં જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

(૩.૧) આ કામે રેકર્ડ ધ્યાને લેતા સદર ગુનામાં પંચોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ ન હોય તેમજ આરોપી વિરૂધ્ધ સ્પષ્ટ  પુરાવો જણાઈ આવતો ન હોય, જેથી આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ **૩૫૧** અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૪) આ કામે ફરીયાદ પક્ષ તર્ફે દલીલો કરવામાં આવેલ છે કે ફરીયાદ પક્ષ આરોપી વિરુધ્ધનો કેસ પુરવાર કરવામાં સફળ થયેલ હોય

આરોપીને સજા કરવા માટે અરજ કરેલ છે. તેમજ બચાવપક્ષે વિ.વ.શ્રીએ એવી દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષ ના સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સર્મથન ન આપેલ હોય, પુરાવા ના અભાવે આરોપી ને નિર્દોષ છોડી મુકવા વિનંતી કરેલ છે.

**(૫)** ઉપરોકત કેસની હકીકતો, રજુ કરવામાં આવેલ પુરાવો તેમજ દલીલો ને ધ્યાને લેતા, કેસના નિર્ણય માટે નીચ મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે –

**(૫.૧)** શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર રહીને એ હકીકત પુરવાર કરે છે કે, તા.૧૨/૧૧/૨૦૨૫ ના ક.૧૮/૪૫ વાગ્યે અમરેલી સાવરકુંડલા રોડ, ફાટક પાસે આરોપીએ પોતાના રહેણાંક મકાને ગેરકાયદેસર વગર પાસ પરમીટે દેશી પીવાનો દારુ લીટર ચૌદ (૧૪) કેન સહીત કિમંત રૂા.૨,૮૨૦/– નો રાખી રેઈડ દરમ્યાન ઘરે હાજર મળી આવી આરોપીએ પ્રોહી. એકટ–૬૫(એ)(એ) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**(૫.૨)** શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓ અંગેના આ અદાલતનાં નિર્ણયો નીચે મુજબના છે –

(૬.૧) નકારમાં

(૬.૨) આખરી હુકમ મુજબ.

**<u>:: કા ર ણો ::</u>**

**(૭)** ઉપરોકત નિર્ણયોના વિગતવારના કારણો તેમજ મુલ્યાંકન નીચે મુજબ છે :–

(૭.૧) ફરીયાદપક્ષ તરફે આંક–૧૩થી ફરીયાદી–અતુલભાઈ કાળુભાઈ માટીયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસને તથા તેઓએ આપેલ ફરીયાદને સંપુર્ણ સમર્થનકારી જુબાની આપતા જણાવેલ છે કે, '' ગઈ તા.૧૨/૧૧/૨૦૨૫ ના રોજ અમો તથા એ.એસ.આઈ. એસ.બી.સૈયદ એ રીતેના ખા.વા. માં અમરેલી સીટી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાવરકુંડલા રોડ ફાટક પાસે આવતા અમોને બાતમી રાહે હકીકત મળેલ કે અમરેલી સાવરકુંડલા રોડ રેલવે ફાટક પાસે રહેતી જીલુબેન રાજુભાઈ પરમાર પોતાના રહેણાંક ઝુંપડે ગે.કા. દેશી દારૂ રાખી વેચાણ કરે છે. જેથી નજીકમાંથી બે રાહદારી પંચોને બોલાવી હકીકતની સમજ કરી હકીકતવાળી જગ્યાએ જઈ રેઈડ કરતા ઝુંપડે એક સ્ત્રી ઈસમ હાજર હોય જેનું પંચો રૂબરૂ નામઠામ પુછતા પોતે પોતાનું નામ જીલુબેન રાજુભાઈ પરમાર રહે. અમરેલી તા.જી. અમરેલીવાળી હોવાનું જણાવેલ. મજકુર ને હકીકતની સમજ કરી રેઈડમાં સાથે રાખી ઝુંપડાની ઝડતી તપાસ કરતા એક પ્રવાહી ભરેલ કેન મળી આવેલ જેનું પંચો રૂબરૂ ઢ ાંકણું ખોલી સુંઘી સુંઘાડી ખાતરી કરતા દેશી પીવાનો દારૂ હોય જે દારૂ પોતાના કબજામાં રાખવા અંગે કોઈ પાસ પરમીટ હોય તો તે રજુ કરવા કહેતા નહિ હોવાનું જણાવેલ. જેથી સદર મળી આવેલ કેનમાં આશરે ૧૪ લીટર જેટલો દેશી દારૂ હોય જે ૧ લીટર દારૂની કિ. રૂા. ૨૦૦/–લેખે ૧૪ લીટરની કિ. રૂા.૨૮૨૦/– કેન સહિત ગણી તેમાંથી આશરે ૧૮૦ મીલી જેટલો દેશી દારૂ એક પ્લાસ્ટિકની બોટલમાં ભરી કિ. રૂા. ૦૦/– ગણી એફ.એસ.એલ. તપાસણી અર્થે કબજે કરેલ તેમજ બાકીનો ૧૪ લી. દેશી દારૂ કેનમાં રહેવા તપાસ અર્થે કબજે કરેલ જે અંગેનું પંચનામુ સાથેના એ.એસ.આઈ.

એસ.બી.સૈયદ નાઓએ કલાક ૧૮:૪૫ થી ૧૯:૧૫ સુધીનું કરેલ. અમોએ આરોપી સામે ધોરણસરની કાર્યવાહી કરી ફરીયાદ આપેલ જે આજરોજ ફરીયાદ ની ખરી નકલ બતાવવામાં આવે છે જેમાં મારી સહિ છે જે ઓળખી બતાવું છું. જે ફરીયાદ રજુ દાખલ આંક–૧૪ આપવામાં આવે છે. પ્રવર્તમાન કાયદા અનુસાર સુર્યાસ્ત પછીનો સમય હોય આરોપી સ્ત્રી ને અટક કરેલ ન હતી, બીજા દિવસે અમરેલી સીટી પોલીસ સ્ટે. એ ત.ક. સમક્ષ હાજર રહેવા પંચો રૂબરૂ સમજ કરેલ. આરોપી આજરોજ કોર્ટમાં હાજર નથી તેનો મુકિત રીપોર્ટ હોય આરોપીના વિ.વ.શ્રીને ઓળખ અંગેની તકરાર નથી.''

**(૭.૧.૨)** સદર ફરીયાદીની આરોપી તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ ચોકકસ કેટલા વાગ્યે પહોંચેલ તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે પેટ્રોલીંગનો કોઈ આધાર રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે બાતમી કયા માધ્યમથી મળેલ તે મારી ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા જાહેર વિસ્તાર છે અને માણસોની અવરજવર રહે છે. એ વાત ખરી છે કે પેટ્રોલીંગ માં ગયેલ તે વાહન અને તેનો રજી. નંબર ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે બનાવવાળી જગ્યાએથી મુદામાલ મળી આવેલ ન હોવા છતાં બિનવારસી મુદામાલ ના આધારે કામગીરી બતાવવા ખોટી ફરીયાદ કરી તેના સમર્થનમાં ખોટી જુબાની આપું છું. એ વાત ખરી છે કે આરોપીને બનાવવાળી જગ્યાએથી અટક કરેલ નથી.''

**(૭.૨.૧)** ફરીયાદપક્ષ તરફે આંક–૧૦ થી પંચ સાહેદ–દિપકભાઈ કનુભાઈ સોલંકીને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ

તેમની જુબાનીમાં પંચનામાની હકિકતને સંપુર્ણ સમર્થનકારી જુબાની આપેલ નથી અને જણાવેલ છે કે,'' આજથી આશરે ૬ મહિના પહેલા અમરેલી સીટી . પો.સ્ટે. પાસેથી પસાર થતો હતો ત્યારે પોલીસે અમોને પંચ તરીકે બોલાવેલા અને પંચનામામાં સહિ કરવાનું કહેતા અમોએ સહિ કરેલી મને તા. ૧ર/૧૧/ર૦ર૫ નું પંચનામું બતાવવામાં આવે છે તેમાં પંચ નંબર – ૧ તરીકે મારી સહિ છે જે હું ઓળખુ છું. જે કામમાં દા.આ.–૧૧ આપવામાં આવે છે. આ સિવાય હું કાંઈ જાણતો નથી. ''

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ પંચ સાહેદને ફરી ગયેલા જાહેર કરી, ઉલટતપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછી વિગતવારની ઉલટતપાસ કરેલ છે તેમ છતા પંચનામાને સમર્થનકારક અન્ય કોઈ હકીકત પંચ સાહેદની ઉલટતપાસ દરમ્યાન ફલીત થયેલ નથી.

**(૭.ર.ર)** સદર પંચ સાહેદની આરોપી તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે મને પોલીસે તૈયાર કાગળમાં સહી કરવાનું કહેતા મે ફકત સહી કરેલી. મે પંચનામું વાંચેલ નહી કે મને વાંચી સંભળાવેલ નહી.''

**(૭.૩.૧)** ફરીયાદપક્ષ તરફે આંક–૧ર થી પંચ સાહેદ–હારુનભાઈ હબીબભાઈ બીલખીયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં પંચનામાની હકિકતને સંપુર્ણ સમર્થનકારી જુબાની આપેલ નથી અને જણાવેલ છે કે,''આજથી આશરે ૬ મહિના પહેલા અમરેલી સીટી. પો.સ્ટે. પાસેથી પસાર થતો હતો ત્યારે પોલીસે અમોને પંચ તરીકે બોલાવેલા અને પંચનામામાં સહિ કરવાનું કહેતા અમોએ સહિ કરેલી મને તા. ૧ર/૧૧/ર૦ર૫ ના

આંક -૧૧ વાળા પંચનામું બતાવવામાં આવે છે તેમાં પંચ નંબર - ૨ તરીકે મારી સહિ છે જે હું ઓળખુ છું આ સિવાય હું કાંઈ જાણતો નથી. ''

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ પંચ સાહેદને ફરી ગયેલા જાહેર કરી, ઉલટતપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછી વિગતવારની ઉલટતપાસ કરેલ છે તેમ છતા પંચનામાને સમર્થનકારક અન્ય કોઈ હકીકત પંચ સાહેદની ઉલટતપાસ દરમ્યાન ફલીત થયેલ નથી.

**(૭.૩.૨)** સદર પંચ સાહેદની આરોપી તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે મને પોલીસે તૈયાર કાગળમાં સહી કરવાનું કહેતા મે ફકત સહી કરેલી. મે પંચનામું વાંચેલ નહી કે મને વાંચી સંભળાવેલ નહી. ''

**(૭.૪.૧)** ફરીયાદપક્ષ તરફે આંક-૧૫ થી ત.ક.અ.-સિકંદરભાઈ બાબુભાઈ સૈયદને સોગંદ પર તપાસવામા આવેલા છે તેઓ તેમની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસને તથા તેઓએ કરેલ તપાસને સંપુર્ણ સમર્થનકારી જુબાની આપતા જણાવેલ છે કે,''ગઈ તારીખ ૧૨/૧૧/૨૦૨૫ ના રોજ અમો સીટી. પો. સ્ટે. અમરેલીમાં અમારી ફરજ બજાવતાં હતા તે દરમ્યાન સીટી. પો. સ્ટે. અમરેલી નાં પી.એસ.ઓ.ડી.કે.પરમારતરફથીઅમોને પ્રોહી. ગુ.ર.નં.૧૦૫૬ /૨૦૨૫, પ્રોહી. કલમ ૬૫ એએ મુજબનો લેખિત ડેપ્યુટ હુકમ મળેલ જે ડેપ્યુટ હુકમ આજ રોજ મને બતાવતાં તે જોઈને કહું છું કે તેમાં પી.એસ.ઓ. ની સહી છે જે ઓળખી બતાવી રજુ દા.આંક-૧૬ આપવામાં આવે છે. આ ડેપ્યુટ હુકમ સાથે સાધનિક કાગળો, મુદામાલ અમોને સુપરત કરવામાં આવેલ અમોએ તે કાગળોનો અભ્યાસ કરેલ. સદર ગુન્હાના

આરોપીને કામે અટક કરી જરૂરી કાર્યવાહી કરી સઘ્ધર જામીન આપતા જામીન ઉપર મુકત કરેલા. બાદ આગળની તપાસ સંભાળી સદર કામે લાગતા વળગતાં સાહેદોના નિવેદનો નોધી. તેમજ અમોએ સેમ્પલ ની ચકાસણી માટે એફ.એસ.એલ. રવાનગી પત્રક સાથે એફ.એસ.એલ. તરફ મોકલી આપેલ. ત્યાર બાદ એફ. એસ.એલ નો રીપોર્ટ આવતા જે રીપોર્ટ અમોએ તપાસ ના કામે સામેલ રાખેલ જે અહેવાલ આજ રોજ મને બતાવતાં તે જોઈને કહું છું કે તે તે જ અહેવાલ છે જે રજુ દા.આંક.-૧૭ આપવામાં આવે છે. બાદ આરોપી વિરૂઘ્ધ પુરતો પુરાવા જણાતા અમોએ હાલની ચાર્જશીટ કરેલી. આરોપીને હુ જોઈએ થી ઓળખી શકુ આરોપી આજરોજ ગેરહાજર હોય જેની ઓળખ અંગે આરોપીના વિ.વ.શ્રીને તકરાર નથી.''

**(૭.૪.૨)** સદર ત.ક.અ.ની આરોપી તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે પેટ્રોલીંગનો કોઈ આધાર આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે બાતમી અં ગે કોઈ ખરાઈ કરેલ નથી. એ વાત ખરી છે કે સરકારી વાહન હતું કે ખાનગી વાહન તેનો ઉલ્લેખ કરેલ નથી. એ વાત ખરી છે કે પંચો ની સામાજીક લાયકાત અંગે કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે બનાવ બાબતે સ્વતંત્ર સાહેદ નાં નિવેદન લીધેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી વિરૂઘ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં આરોપી વિરૂઘ્ધ ખોટું ચાર્જશીટ કરી ખોટી જુબાની આપું છું. ''

(૮) હાલનાં કેસનું રેકર્ડ, હકીકતો તથા દલીલો અને સંજોગોને ઘ્યાને લેતાં સદર કામે મુદ્દામાલ દેશી દારૂઆરોપીના કબજામાંથી મળી આવેલ હોય તેવુ ફરીયાદપક્ષ તરફે પુરવાર કરવામાં આવેલ નથી. કારણ કે આ કામે કરવામાં આવેલ

આંક–૧૧ થી બનાવ વાળી જગ્યાનુ પંચનામુ પુરવાર કરવા માટે આંક–૧૦ તથા આંક–૧૧ ના પંચ સાહેદ પંચનામાની હકિકતને સમર્થનકારી જુબાની આપલે નથી અને ઉલટ તપાસમા જણાવે છે કે, પોલીસે તૈયાર કાગળમા સહી કરવાનુ કહેતા તેમણે ફકત સહી કરેલી. આમ,રજુ પંચનામાની હકીકતો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ રહેલા નથી. જેથી ફરીયાદમાં દર્શાવેલ દેશી દારૂ આરોપીના કબ્જામા મળી આવેલ તેવુ ફરીયાદપક્ષ પુરવાર કરવામા નિષ્ફળ નિવડેલ છે.

વધુમાં આ કામે તપાસવામાં આવેલ ફરીયાદીની આંક–૧૩ ની જુબાની વંચાણે લેતાં તેઓએ પોતાની સરતપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ છે, પરંતુ ઉલટતપાસમાં સરતપાસથી તદૃન વિરૂઘ્ઘની હકીકતો જણાવેલ છે તેઓએ એવી હકીકત સ્વીકારેલ છે કે, બનાવવાળી જગ્યાએ ચોકકસ કેટલા વાગ્યે પહોંચેલ તે જણાવેલ નથી. પેટ્રોલીં ગનો કોઈ આધાર રજુ રાખેલ નથી. બાતમી કયા માઘ્યમથી મળેલ તે મારી ફરીયાદમાં જણાવેલ નથી. બનાવવાળી જગ્યા જાહેર વિસ્તાર છે અને માણસોની અવરજવર રહે છે. પેટ્રોલીંગ માં ગયેલ તે વાહન અને તેનો રજી. નંબર ફરીયાદમાં જણાવેલ નથી. આરોપીને બનાવવાળી જગ્યાએથી અટક કરેલ નથી.''

વધુમાં આ કામે તપાસવામા આવેલ ત.ક.અમલદારશ્રીનો પુરાવો ઘ્યાને લેતાં, તેઓએ તેમનાં પુરાવામાં તેમણે કરેલ તપાસ હકીકતને દોહરાવેલ છે જયારે ઉલટ તપાસમા જણાવેલ છે કે, પેટ્રોલીંગનો કોઈ આધાર આ કામે રજુ રાખેલ નથી. બાતમી અં ગે કોઈ ખરાઈ કરેલ નથી. સરકારી વાહન હતું કે ખાનગી વાહન તેનો ઉલ્લેખ કરેલ નથી. પંચો ની સામાજીક લાયકાત અંગે કોઈ

તપાસ કરેલ નથી. બનાવ બાબતે સ્વતંત્ર સાહેદ નાં નિવેદન લીધેલ નથી

(૯) વધુમાં ભારતીય પુરાવા ધારાની કલમ–૧૫૬ માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાનેલેતા મજકુર સાહેદનો સમાવેશ રસ ધરાવતા સાહેદમાં થતો હોય રસ ધરાવતા સાહેદની જુબાનીને સ્વતંત્ર સાહેદોની જુબાની ધ્વારા સમર્થન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેઓની એક માત્ર જુબાની ઉપર આધાર રાખી આરોપી વિરૂધ્ધ અનુમાન કરી શકાય નહી. તે મુજબની જોગવાઈ ધ્યાને રાખી રેકર્ડ વંચાણે લેતા આ કામે ફરીયાદમાં બાતમી કયા માધ્યમથી મળેલ તે જણાવેલ નથી, તેમજ આરોપી પાસેથી પંચનામાની વિગતે મુદામાલ કબજે કરેલ હોય તેવી હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી આ કામે રજુ થયેલ પંચનામાની હકીકત પુરવાર થતી ન હોય જેથી ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થતુ નથી. તેમજ આ કામે રેઈડ દરમ્યાન મુદ્દામાલ કબજે કરેલ તે જગ્યા આરોપીની હોવા અંગેનો કોઈ આધાર કે પુરાવો રજુ કરેલ ન હોય બનાવવાળી જગ્યા આરોપીની માલિકીની હોવાનુ પુરવાર થતુ નથી. આવા સંજોગોમાં ફરીયાદપક્ષ તરફે આ ગુનાના કામે આરોપી પાસેથી કબજે કરેલ મુદૃામાલ દારૂ હોવા બાબતે કોઈ આધારભુત પુરાવો રજુ કરેલ નથી અને આરોપી પાસેથી મુદામાલ કબજે કરેલાનુ તેમજ તે મુદૃામાલ દેશીદારૂ જ છે તેવી કોઈ હકીકત આ કામે ફરીયાદપક્ષ સાબિત કરી શકેલ નથી. આમ,સદર ફરીયાદી તથા ત.ક.અમલદારશ્રી આંક–૧૪ ની ફરીયાદ હકીકતને સમર્થનકારી જુબાની આપતા ન હોય તેમના પુરાવા પર આધાર રાખી આરોપીને સજા કરી શકાય નહિ. આમ, સદર ફરીયાદીની જુબાની લક્ષમાં લેતા ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થતુ નથી.

**(૧૦)** વધુમાં ફોજદારી કામનો સિધ્ધાંત ધ્યાને લેતાં આરોપી નિર્દોષ છે તેવુ અનુમાન છે અને આરોપ સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષનો છે. અને આરોપી સામેનો ગુનો સાબિત કરવા માટે ફરીયાદપક્ષે ભરોસાપાત્ર અને સબળ પુરાવો રજુ કરવાનો રહે છે.આ ઉપરાંત માત્ર ગુનો બન્યો છે તે સાબિત કરવા માટે આરોપીની સંડોવણી હોવાનુ સાબિત થતું નથી અને ફરીયાદપક્ષે આરોપીની સંડોવણી નિષ્પક્ષ, નિ:શંકપણે સાબિત કરવી પડે છે અને જો તેમાં કોઈ વ્યાજબી શંકા ઉપસ્થિત થાય તો તેનો લાભ આરોપીને મળે છે. આરોપી સામેના ગુનાનું તહોમત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન તેની સમગ્ર અસર પુરવાર કરવાની રહે છે અલગ અલગ હકીકતોનું મૂલ્યાંકન કરીને ગુનો પુરવાર કરવો યોગ્ય ગણાય નહી.

**(૧૧)** આમ, ઉપરોકત પુરાવાના વિશ્લેષણના આધારે આ કામે સ્વતંત્ર સાહેદના પુરાવાના અભાવે ફરિયાદપક્ષ આરોપીનો પ્રતિબં ધીત દેશીદારૂ બનાવવાનો આથો સભાન કબજો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય,ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ –૬૫(એ)(એ) મુજબના ગુનાના તત્વો સંતોષાતા ન હોય, ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી **મુદ્દા નંબર –૧** નો જવાબ **નકારમાં** આપવામાં આવે છે અને **મુદ્દા નંબર–ર પરત્વે નીચે મુજબ આખરી હુકમ** કરવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

(૧) આ કામના **આરોપી – જીલુબેન વા/ઓ રાજુભાઈ સાદુળભાઈ પરમાર,** રહે. અમરેલી સાવરકુંડલા રોડ, ફાટક પાસે, તા.જી. અમરેલીનાઓને બી.એન.એસ.એસ. ની કલમ – ૨૭૧(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ – ૬૫(એ)(એ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) **અપીલ સમય વિત્યેથી :** મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરવામાં આવેલ દેશી દારૂ તથા અન્ય બિનકિંમતી મુદ્દામાલનો નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીએ ટ્રાયલ સમય દરમ્યાન રજુ કરેલ જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ ઠરાવ આજરોજ **તા.૩૦ મી,** માહે–**જુન,** સને – **૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**મુકામ : અમરેલી.**
**તા. ૩૦/૦૬/૨૦૨૬**

**(કે.એસ. રાણા)**
**એડીશનલ જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**અમરેલી.**
**Code-GJ01642**